GJRJ060000912018

દાખલ તારીખ : ૧૫–૦૧–૨૦૧૮
રજી. તારીખ : ૧૫–૦૧–૨૦૧૮
ફેસલ તારીખ : ૩૦–૦૪–૨૦૨૪
સમયગાળો : વર્ષ–માસ–દિવસ
૦૬ – ૦૩ – ૧૫

## ધોરાજીના મહે. પ્રિન્સીપાલ સીનીયર સિવિલ જજશ્રીની કોર્ટમાં, મું. ધોરાજી.

સ્પે. દિવાની કેસ નં.૦૨/૨૦૧૮
આંક–

વાદી– (૧) ચીમનભાઈ છગનભાઈ ભુત,
હીન્દુ, પટેલ, ઉ.વ.આ.૫૮, ખેતી,
ઠે. ૪, ક્રીષ્ના પાર્ક, બ્લોક નં.૧૯, ૨૦,
૧૫૦ ફુટ રીંગ રોડ, મવડી ચોકડી, રાજકોટ.

વિરૂધ્ધ

પ્રતિવાદી– (૧)અનીલભાઈ છગનભાઈ ભુત,
હીન્દુ પટેલ ઉ.વ.આ.૫૦, ખેતી,
ગુજ. અનીલભાઈ છગનભાઈ ભુતના વારસ,

(૨) સવિતાબેન છગનભાઈ ભુત,
હીન્દુ પટેલ ઉ.વ.આ.૮૦, ઘરકામ,
રે. બરડીયા, તા.જામકંડોરણા, જી.રાજકોટ.

==========================================================

વાદી પક્ષેઃ – વિદ્વાન વકીલશ્રી એસ. વી. ગણાત્રા

પ્રતિવાદીઓ તરફેઃ– વિદ્વાન વકીલશ્રી બી. ટી. કોયાણી

==========================================================

**<u>વિષય</u>– <u>વડીલોપાર્જીત મિલકતમાંથી ૧/૩ હીસ્સો મળવા તથા ડેક્લેરેશન તથા કાયમી મનાઈ હુકમ મળવા બાબતે.</u>**

**<u>// ચુકાદો //</u>**

(૧) વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, વાદીની વડીલોપાર્જીત ખેતીની જમીન રાજકોટ જીલ્લાના જામકંડોરણા તાલુકાના બરડીયા ગામની સીમમા આવેલ છે. સદરહુ ખેતીની જમીન વાદીના માતૃશ્રી પ્રતિવાદી નં.૨ નાને તેના પિતાશ્રી છગનભાઈ હરીભાઈ દલસાણીયા તથા તેમના માતૃશ્રી જાનુબેન છગનભાઈ દલસાણીયા તરફથી મળેલ છે. તેમને ત્રણ દીકરીઓ હતી જેમા(૧) કતીબેન, (૨) વજીબેન, (૩) સવિતાબેન છગનભાઈ દલસાણીયા. પ્રતિ.નં.૨ ના પિતાશ્રી છગનભાઈ હરીભાઈ દલસાણીયાને પુત્ર સંતાન ન હોય અને તેમની પાસે ૧૫ વિઘા ખેતીની જમીન આવેલ હતી. જેથી તેઓએ સવિતાબેન છગનભાઈ દલસાણીયા(પ્રતિ.નં.૨) ના ને તેમનો હીસ્સો રોકડ રકમમા આપેલ તે રકમમાંથી વાદીના પિતાશ્રી છગનભાઈ ડાયાભાઈ ભુતના નામે ખેતીની જમીન સર્વે નં.૪૧૪ પૈકી ૨ એકર ૫–૦૬ ગુંઠા રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં.૧૯, તા.૨૯.૦૧.૧૯૭૩ થી ખરીદ કરેલ અને ખેતીની જમીન સર્વે નં.૪૧૫ પૈકી ૪ એ. ૨–૧૬ ગુંઠા રજીસ્ટર દસ્તાવેજ નં.૧૩૬૨ થી તા.૧૩.૧૨.૧૯૭૬ થી ખરીદ કરેલ છે અને સદરહુ બંન્ને ખેતીની જમીન ખરીદ કરેલ તે રકમ તેઓએ છગનભાઈ દલસાણીયા તરફથી મળેલ રકમમાંથી ખરીદ કરેલ છે. આ રીતે સદરહુ ખેતીની જમીન વડીલોપાર્જીત ખેતીની જમીન છે અને છગનભાઈ ડાયાભાઈ ભુતના નામે ખાતા નં.૧૧૬ થી ખેતીની જમીન આવેલ. જેની નોંધ અનુ. ૩૨૭૩ થી પડેલ. ત્યારબાદ વાદીના પિતાશ્રી તથા પ્રતિ.નં.૨ વચ્ચે સદરહુ વડીલોપાર્જીત ખેતીની જમીન અંગે વાંધો પડતા અને પ્રતિ.નં.૨ ના એ વાદીના પિતાશ્રીને કહેલ કે મારા પિતાશ્રીએ જે જમીન ખરીદ કરવા રોકડ રકમ આપેલ છે તે ખેતીની જમીન મારા નામે કરી આપો તેવી જીદ કરતા વાદીના પિતાશ્રીએ સદરહુ ખેતીની જમીન સર્વે નં.૪૧૫ પૈકી ૪ એકર ૨–૧૬ ગુંઠા તથા ખેતીની જમીન સર્વે નં.૪૧૪ પૈકી ૨

એકર ૫–૦૬ ગુંઠા વાદીના માતૃશ્રી પ્રતિ.નં.૨ ના ખાતે રેવન્યુ રેકર્ડમાં ચડાવી આપેલ અને આ રીતે સદરહુ ખેતીની જમીન વડીલોપાર્જીત ખેતીની જમીન આવેલ છે.

ખેતીની જમીન સર્વે નં.૪૧૪ પૈકી ૨ એકર ૫–૦૬ ની ચતુરદિશા નીચે મુજબ છે.

પુર્વ તરફઃ– ખેતીની જમીન સર્વે નં.૪૧૫ પૈકી ૪ એ. ૨–૧૬ ગુંઠાની જમીન આવેલ છે.
પશ્ચિમ તરફઃ– બાવનજી કાનજી મણવરની ખેતીની જમીન આવેલ છે.
ઉતર તરફઃ– નદી આવેલ છે.
દક્ષિણ તરફઃ– મુકેશ બાબુભાઈ ભુતની ખેતીની જમીન આવેલ છે.

ખેતીની જમીન સર્વે નં.૪૧૫ પૈકી ૪ એકર ૨–૧૬ ની ચતુરદિશા નીચે મુજબ છે.

પુર્વ તરફઃ– મુકેશ બાબુભાઈ ભુતની ખેતીની જમીન આવેલ છે.
પશ્ચિમ તરફઃ– ખેતીની જમીન સર્વે નં.૪૧૪ પૈકી ૨ એ. ૬–૦૬ ગુંઠાની જમીન આવેલ છે.
ઉતર તરફઃ– નદી આવેલ છે.
દક્ષિણ તરફઃ– ચીમનભાઈ છગનભાઈ ભુતની ખેતીની જમીન આવેલ છે.

ખેતીની જમીન સર્વે નં.૪૧૫ પૈકી ૪ એકર ૨–૧૬ ગુંઠા તથા ખેતીની જમીન સર્વે નં.૪૧૪ પૈકી ૨ એકર ૫–૦૬ ની વડીલોપાર્જીત હોય અને જે પ્રતિ. નં.૨ ના નામે હોય છતા વાદીનો વડીલોપાર્જીત ખેતીની જમીનમા આવેલ હક્ક ડુબાડવાના બદ ઈરાદેથી પ્રતિ.નં.૧ એ પ્રતિ.નં. ૨ પાસેથી તેની વૃધ્ધાવસ્થાનો તથા ભોળપણનો ગેરલાભ લઈ તા.૨૭.૧૦.૨૦૧૭ ના રોજી રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અનુ.નં.૫૯૧ થી ખેતીની જમીન ૪૧૪ પૈકી ૨ એકર ૨–૦૮–૪૦ પાદરડુ તથા સર્વે નં.૪૧૫ પૈકી ૪ હે. ૦–૯૭–૧૩ પાદરડુવાળી કુલ જમીન હે.૩–૦૫–૫૩ રૂપીયા ૩,૯૭,૫૦૦/– માં વેચાણ કરી આપેલ છે. સદરહુ

વેચાણ દસ્તાવેજ બીનઅવેજી છે અને ટ્રાન્સફર ઓફ પોપર્ટી એક્ટના કાયદાની કલમ–૫૪ મુજબ કોઈપણ વ્યક્તિ કોઈપણ મિલકતના વેચાણ માટે અવેજ ચુકવવો અને સ્થાવર મિલકતનો કબ્જો મેળવવો. આ બે મુખ્ય વ્યવહાર હોય તો જ વેચાણ ગણી શકાય. પરંતુ સદરહુ દસ્તાવેજ જોતા બિન અવેજી વેચાણ વ્યવહાર છે. હીન્દુ વારસા ધારા મુજબ પ્રતિ.નં.૧ ના વડીલોપાર્જીત મિલકતમા પ્રતિ.નં.૧ ખરીદનાર તરીકે કાયદા મુજબ કોઈ માલીકી કે ટાઈટલ પ્રાપ્ત કરી શકતા નથી અને બીનઅવેજી વ્યવહાર છે.

વાદીના કથન મુજબ, પ્રતિ.નં.૧ નાએ કરાવી લીધેલ વેચાણ દસ્તાવેજ બિન અવેજી હોવાના કારણો નીચે મુજબ છે.

દસ્તાવેજ લખી આપનાર અને લખાવી લેનાર વચ્ચેના સબંધો માતા પુત્રના છે અને દસ્તાવેજ લખી આપનાર પાસેની ખેતીની જમીન વડીલોપાર્જીત ખેતીની જમીન છે. સદરહુ વેચાણ દસ્તાવેજવાળી ખેતીની જમીન સર્વે નં.૪૧૪ પૈકી ૨ હે. ૨–૦૮–૪૦ પાદરડુ તથા સર્વે નં.૪૧૫ પૈકી ૪ હે. ૦–૯૭–૧૩ પાદરડુવાળી કુલ જમીન હે. ૩–૦૫–૫૩ એટલે કે એકર ૭–૨૨ ગુંઠા અને ૧૯ વિઘા જેવી ખેતીની જમીન પ્રતિ. નં.૧ નાએ પ્રતિ. નં.૨ પાસેથી માત્ર રૂા.૩,૯૭,૫૦૦/– મા બીન અવેજી દસ્તાવેજી કરાવી લીધેલ છે અને જંત્રી મુજબ બજાર કીંમત એક વિઘાના ૫ થી ૭ લાખ રૂપીયા ગણાય અને તે મુજબ ૧૯ વિઘાના અંદાજીત કિંમત રૂપીયા એક કરોડ ઉપરાંતની ગણાય. પરંતુ પ્રતિ.નં.૧ નાએ પ્રતિવાદી નં.૨ પાસથી માત્ર દેખાડ પુરતી રકમ રૂા.૩,૯૭,૫૦૦/– નો બીનઅવેજી વેચાણ દસ્તાવેજ કરાવેલ છે. સદરહું વેચાણ જોતા બિનપીયત(જીરાયત) પ્રકારનો કરાવેલ છે. પરંતુ સદરહુ ખેતીની જમીનમા પિયતનુ સાધન છે જ. જેથી વેચાણ દસ્તાવેજ બાગાયત પ્રકારનો ગણી શકાય પરંતુ પ્રતિવાદી નં.૧ નાએ પ્રતિ. નં.૨ પાસેથી કરાવી લીધેલ વેચાણ દસ્તાવેજ બાગાયત પ્રકારનો હોય જેથી સદરહુ વેચાણ દસ્તાવેજ રદ બાતલ ગણાય અને આવા કહેવાતા દસ્તાવેજથી પ્રતિવાદી નં.૧ નાને ટાઈટલ, માલીકી, કબ્જો પ્રાપ્ત થતો નથી.

વાદીના કથન મુજબ, હીન્દુ વારસાઈ ધારા મુજબ પ્રતિ.નં.૧ ના ખરીદનાર તરીકે કાયદા મુજબ ટાઈટલ કે માલીકી હક્ક પ્રાપ્ત કરી શકતા નથી અને હીન્દુ વારસાઈ કાયદા મુજબ પ્રતિ.નં.૨ નાએ પ્રતિવાદી નં.૧ જોગ કરી આપેલ વેચાણ દસ્તાવેજ કરવાનો કોઈ હક્ક પ્રાપ્ત થતો નથી અને જેથી સદરહુ વેચાણ દસ્તાવેજ બંધનકર્તા નથી અને સદરહુ વેચાણ દસ્તાવેજ બિન અસરકર્તા હોય અને જેથી વેચાણ દસ્તાવેજ કાયદેસરનો ગણાય નહી. જેથી વાદીએ પ્રતિવાદીને તા.૩૦.૧૧.૧૭ ના રોજ વકીલ મારફત રજી.એ.ડી.થી તથા સાદી ટપાલથી નોટીસ આપેલ. સદરહુ નોટીસ પ્રતિવાદીઓને બજી જવા છતા કોઈ પાલન કરેલ નહી અને નોટીસનો ઉડાઉ જવાબ એડવોકેટશ્રી મારફત આપેલ. વાદીએ વકીલશ્રી મારફત પ્રતિ.નં.૧, ૨ ના એડવોકેટને બેટરપર્ટીક્યુલર માટે નોટીસ આપેલ પરંતુ સદરહુ ખેતીની જમીન વડીલોપાર્જીત હોય પ્રતિવાદીના એડવોકેટશ્રીએ કોઈ બેટરપર્ટીક્યુલર પુરા પાડેલ નહી કે સદરહુ બેટરપર્ટીક્યુલર પુરા પાડવા અંગે કોઈ જવાબ આપેલ નહી અને સદરહુ ખેતીની જમીન વડીપાર્જીત ખેતીની જમીન હોય વાદીનો હક્ક ડુબાડવા પ્રતિ.નં.૧ ના એ પ્રતિ.નં.૨ પાસેથી વેચાણ દસ્તાવેજ કરાવી લીધેલ હોય અને વાદીનો વડીલોપાર્જીત ખેતીની જમીનમા ૧/૩ હીસ્સો સમાયેલ હોય વાદી સદરહુ ખેતીની જમીનમાથી હીન્દુ કાનુન મુજબ પોતાનો હીસ્સો મેળવવા હક્કદાર હોય વાદીને પ્રતિવાદીઓ સામે દાવો લાવવા કારણ ઉત્પન્ન થયેલ.

ઉપરોક્ત હકીકતો જણાવી વાદીએ તેમની દાવા અરજીમાં એવી દાદ માંગેલ છે કે, રાજકોટ જીલ્લાના જામકંડોરણા તાલુકાના બરડીયા ગામની સીમની જમીન દાવા પેરા ૧,૨,૩,૪ મા જણાવેલ વિગત વર્ણન અને ચતુરદિશાવાળી ખેતીની જમીન સર્વે નં.૪૧૪ પૈકી ૨ હે. ૨-૦૮-૧૪ ના એકર ૫-૦૬ ગુંઠા તથા ખેતીની જમીન સર્વે નં.૪૧૫ પૈકી ૪ હે. ૯-૯૭-૧૩ ના એકર ૨-૧૬ ગુંઠાનો તા.૨૭.૧૦.૨૦૧૭ ના રોજ વેચાણ દસ્તાવેજ નોંધણી નં.૫૯૧ થી પ્રતિ.નં. ૨ નાએ પ્રતિ.નં.૧ ના જોગ સબ-રજીસ્ટ્રા કચેરીમા નોંધી આપેલ છે તે વેચાણ દસ્તાવેજ બીન અવેજી, ગેરકાયદેસરનો બીન અમલી નલ એન્ડ વોઈડ છે અને

સદરહુ વેચાણ દસ્તાવેજ વાદી કે સવાલવાળી જમીન અંગે વાદીના ટાઈટલ, માલીકી કબ્જાને બંધનકર્તા નથી તેવુ ઠરાવી આપવા અરજ છે તેમજ રાજકોટ જીલ્લાના જામકંડોરણા તાલુકાના બરડીયા ગામની સીમની જમીન દાવા પેરા ૧,૨,૩,૪ મા જણાવેલ વિગત વર્ણન અને ચતુરદિશાવાળી ખેતીની જમીન સર્વે નં.૪૧૪ પૈકી ૨ હે. ૨-૦૮-૧૪ ના એકર ૫-૦૬ ગુંઠા તથા ખેતીની જમીન સર્વે નં.૪૧૫ પૈકી ૪ હે. ૯-૯૭-૧૩ ના એકર ૨-૧૬ ગુંઠાની વાદગ્રસ્ત ખેતીની જમીન વડીલોપાર્જીત મિલકત આવેલ છે અને સદરહુ ખેતીની જમીનમા વાદીનો ૧/૩ હીસ્સો છે તેમ ઠરાવી આપવા અને વાદીના હીસ્સે અને ભાગે આવતી ૧/૩ ભાગની માલીકીનો કબ્જો અલગ કરી મિટર એન્ડ બાઉન્ડથી વાદીના હીસ્સે અને ભાગે આવતી ૧/૩ મિલકતનો શાંત અને ખાલી નિર્ભય પ્રત્યક્ષ કબ્જો વાદીને પ્રતિવાદીઓ પાસેથી અપાવવા અરજ કરેલ છે.

વધુમાં, રાજકોટ જીલ્લાના જામકંડોરણા તાલુકાના બરડીયા ગામની સીમની જમીન દાવા પેરા ૧,૨,૩,૪ મા જણાવેલ વિગત વર્ણન અને ચતુરદિશાવાળી ખેતીની જમીન સર્વે નં.૪૧૪ પૈકી ૨ હે. ૨-૦૮-૧૪ ના એકર ૫-૦૬ ગુંઠા તથા ખેતીની જમીન સર્વે નં.૪૧૫ પૈકી ૪ હે. ૯-૯૭-૧૩ ના એકર ૨-૧૬ ગુંઠાની વાદગ્રસ્ત ખેતીની જમીન કોઈને વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય રીતે ટ્રાન્સફર કરે નહી કે ટ્રાન્સફર કરાવે નહી તે કોઈ ત્રાહીતને હીત ઉત્પન્ન કરે નહી તે કરાવે નહી તેવો કાયમી મનાઈ હુકમ પ્રતિવાદીઓ સામે ફરમાવવા તેમજ રાજકોટ જીલ્લાના જામકંડોરણા તાલુકાના બરડીયા ગામની સીમની જમીન દાવા પેરા ૧,૨,૩,૪ મા જણાવેલ વિગત વર્ણન અને ચતુરદિશાવાળી ખેતીની જમીન સર્વે નં.૪૧૪ પૈકી ૨ હે. ૨-૦૮-૧૪ ના એકર ૫-૦૬ ગુંઠા તથા ખેતીની જમીન સર્વે નં.૪૧૫ પૈકી ૪ હે. ૯-૯૭-૧૩ ના એકર ૨-૧૬ ગુંઠાની વાદગ્રસ્ત ખેતીની જમીનમા વાદીનો ૧/૩ હીસ્સો આવેલ હોય તેનો આજ દીવસ સુધી પ્રતિવાદી ન.૧,૨ નાએ પાક મેળવેલ હોય તેના હીસાબો નામદાર કોર્ટમા રજુ કરે અને તેમાથી વાદીના ભાગે આવતો ૧/૩ હીસ્સો પ્રતિવાદીઓની હરકોઈ સ્થાવર જંગમ મિલકતમાથી વસુલ અપાવવાનુ હુકમનામુ વાદીની તરફેણમાં અને

પ્રતિવાદીઓની વિરૂધ્ધ કરી આપવા તેમજ વાદીના લાભમાં અને પ્રતિવાદીઓની વિરૂધ્ધમા હુકમનામુ કરી આપવા અરજ છે તથા દાવામા મળી શકતી હરકોઈ યોગ્ય અને અનુરૂપ દાદ અપાવવા અરજ છે તથા દાવાનુ તમામ ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી અપાવવા અરજ કરેલ છે.

(૨) ઉપરોકત હકીકતવાળી હાલની દાવા અરજી તા.૧૫/૦૧/૨૦૧૮ ના રોજ અત્રેની અદાલતમાં દાખલ થતા પ્રતિવાદીઓને દાવાનો સમન્સ કરતાં જે યોગ્ય રીતે બજી જતા પ્રતિવાદીઓ તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલા છે.

(૩) પ્રતિવાદીઓ તરફે વાદીની દાવા અરજીનો આંક-૨૨ થી લેખિત જવાબ રજુ કરેલ છે, જેમાં વાદીની દાવા અરજીની મોટા ભાગની હકીકતોનો ઈન્કાર કરી એવી હકીકત જણાવેલ છે કે, વાદીનો દાવો ખરી શુધ્ધબુધ્ધીની કાયદેસરની કે કાયદેસરના કારણોવાળી ન હોય ખર્ચ સહીત રદ કરવા અરજ છે તેમજ વાદીની દાવા અરજી સી.પી.સી. મુજબ યોગ્ય ફોર્મમા ન હોય વાદીના દાવામા સવિતાબેન છગનભાઈ ભુતના વારસોને જરુરી પક્ષકારો તરીકે જોડેલ ન હોય નોન જોઈન્ડર ઓફ નેસેસરી પાર્ટીઝના કારણોસર રદ થવા પાત્ર છે. વાદીના દાવો અવાંતર હેતુથી મલીન ઈરાદાથી સત્ય વિગતો છુપાવી ખોટી વિગતોથી દાવો લાવેલ છે. વાદીના દાવાને સમયમર્યાદાનો/ હકુમતનો સ્પષ્ટ બાધ નડતો હોય. સદરહુ જમીનએ છગનભાઈ ડાયાભાઈની સ્વપાર્જીત કમાણીથી ખરીદ કરેલ જમીન છે. સર્વે નં.૪૧૪ પૈકી ૪ એ. ૨-૧૬ ગુંઠા તથા સર્વે નં.૪૧૪ પૈકી ૨ એકર ૫-૦૬ ગુંઠા જમીન વડીલોપાર્જીત જમીન નથી. પ્રતિ.નં.૧ એ પ્રતિ.નં.૨ નો વૃધ્ધાવસ્થાનો તથા ઘડપણનો ગેરલાભ લઈને વાદીનો હક્ક ડુબાડવા માટે પ્રતિ.નં.૧ તથા પ્રતિ.નં.૨ એ વેચાણ દસ્તાવેજ કરેલ નથી. પ્રતિ.નં.૧ ને કરેલ દસ્તાવેજ બીન અવેજી નથી પરંતુ પ્રતિ. નં.૧ એ પ્રતિ.નં. ૨ ને રૂા.૩,૯૭,૫૦૦/- અવેજ પેટે આપેલ છે. વેચાણ સમયે પ્રતિ.નં.૧ એ

પ્રતિ.નં.૨ ને અવેજની રકમ ચુકવેલ અને કબ્જો સોપી આપેલ અને ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટીની કલમ–પ૪ ના વ્યવહારો પરીપુર્ણ થયેલ છે. પ્રતિ.નં.૧ ને હીન્દુ કાયદા મુજબ માલીકી અને ટાઈટલ પ્રાપ્ત થાય છે. વાદીને માત્ર મભમ રીતે ૧ વીઘાના પાંચથી સાત લાખ રૂપીયાની બજાર કીંમત ગણેલ છે આ અંગે કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. ખેતીની જમીન જીરાયત પ્રકારની છે જે રેકર્ડ આધારીત છે. વાદી હીન્દુ કાયદા મુજબ ભાગ મળવા અંગેની માંગણી છે. હીન્દુ કાયદા મુજબ હીન્દુ સ્ત્રીને મળેલ મિલકત તેની સંપુર્ણ મિલકત છે અને હીન્દુ કાયદા મુજબ હીન્દુ સ્ત્રીના અવસાન પછી તેના વારસોનો હક્ક ખુલે છે. જેથી હાલનો દાવો પ્રીમેચ્યુઅર છે. વાદીએ આપેલ નોટીસનો જવાબ પ્રતિ.ઓએ આપેલ છે. વાદીનો કોઈ દાવાવાળી જમીનમા હક્ક જ નથી.

પ્રતિવાદીઓના કથન મુજબ, વાદીની દાવા અરજી પારા–૭ મુજબ દસ્તાવેજ કાયદેસરનો અવેજ આપી અને કબ્જો સ્વીકારીને થયેલ હોય અને હીન્દુ વારસાધાર મુજબ દાવો પ્રિમેચ્યુઅર હોય અને દાવાવાળી મિલકત પ્રતિ.નં.૧ ની માલીકીની જમીન છે જેથી તેનો વેચાણ વ્યવહાર કરવા પ્રતિ.નં.૨ સંપુર્ણ રીતે હક્કદાર છે. જેથી વાદીએ ખોટી રીતે હેરાન કરવા નોટીસ આપેલ છે જેથી નોટીસનુ પાલન કરવાનુ પ્રતિવાદી કાનુની રીતે બંધાયેલ નથી. વાદીએ દસ્તાવેજ નલ એન્ડ વોઈડ માટે દાવો કરેલ છે દાવો રદ કરવા માટે કોર્ટ ફી એકટ મુજબ ક.૬(૯) મુજબ કોર્ટ ફી ભરેલ નથી. દાવાવાળી જમીન સને–૨૦૦૨ મા પ્રતિ.નં.૨ પાસે ઘરમેળે વહેચણીથી નોંધ નં.૩૨૭૩ થી આવેલ છે ત્યારે વાદીએ સદરહુ જમીનમા પોતાનો હીસ્સો છે તે અંગેની કોઈ તકરાર લીધેલ નથી ત્યારબાદ ૧૬ વર્ષ બાદ જમીનનુ વેચાણ થયા બાદ પ્રતિ.નં.૧ ના નામે રેવન્યુ રેકર્ડમા દાખલ થયા બાદ જમીનમા પોતાનો હીસ્સો છે તેમ માની હાલનો દાવો દાખલ કરેલ હોય જેથી હાલનો દાવો ૧૬ વર્ષ બાદ દાખલ કરેલ હોય અને રેવન્યુ ઓથોરીટી સમક્ષની કાર્યવાહી પુરી કર્યા વિના દાવો લાવેલ હોય દાવાને

લીમીટેશનનો બાદ નડે છે અને સદર અરજી ના–મંજુર કરવા જણાવેલ છે.

(૪) વાદી તરફે પોતાનો કેસ પુરવાર કરવા નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**–:: દસ્તાવેજી પુરાવા ::–**

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | વાદીના પિતાશ્રી તથા માતૃશ્રીના નામનો ખેતીની જમીન સર્વે નં.૪૧૪ પૈ.એ.પ–૦૬ તથા ખેતીની જમીન સર્વે નં.૪૧૫ પૈકી એ. ૨–૧૬ ગુઠાનો ગામનો નમુનો નં.૬ હક્કપત્રક | ૪/૧ |
| ૨ | ખેતીની જમીન સર્વે નં.૪૧૪ પૈકી ૨ પ્રતિવાદી નં.૨ ના નામનો ગામ નમુના નં.૭ | ૪/૨ |
| ૩ | ખેતીની જમીન સર્વે નં.૪૧૫ પૈકી ૪ પ્રતિવાદી નં.૨ ના નામનો ગામ નમુના નં.૭ | ૪/૩ |
| ૪ | ખેતીની જમીન સર્વે નં.૪૧૪ પૈકી ૨ પ્રતિવાદી નં.૨ ના નામનો ગામ નમુના નં.૧૨ | ૪/૪ |
| ૫ | ખેતીની જમીન સર્વે નં.૪૧૫ પૈકી ૪ પ્રતિવાદી નં.૨ ના નામનો ગામ નમુના નં.૧૨ | ૪/૫ |
| ૬ | ખેતીની જમીન સર્વે નં.૪૧૫ પૈકી ૪ તથા સર્વે નં.૪૧૪ પૈકી ૨ નો પ્રતિવાદી નં.૨ ના નામનો ગામ નમુના નં.૮ | ૪/૬ |
| ૭ | પ્રતિવાદી નં.૧ નાએ પ્રતિ.નં.૨ પાસેથી બીન અવેજી વેચાણ દસ્તાવેજ કરેલ તે નોંધનો ગામનો નમુના નં.૬ હક્કપત્રક | ૪/૭ |
| ૮ | વાદીએ પ્રતિવાદીઓ વકીલશ્રી મારફત આપેલ નોટીસ | ૪/૮ |
| ૯ | સદરહુ નોટીસનો વકીલશ્રી મારફત આપેલ જવાબ | ૪/૯ |
| ૧૦ | વાદીએ પ્રતિવાદી વકીલશ્રીને બેટરપર્ટીક્યુલર પુરા પાડવા અંગે આપેલ નોટીસ | ૪/૧૦ |

(૫) પ્રતિવાદી તરફે પોતાનો બચાવ કરવા નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**–:: દસ્તાવેજી પુરાવા ::–**

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ઓનલાઈન વાદવાળી જમીનની જંત્રીની નકલ | ૧૧/૧ |
| ૨ | પ્રતિવાદી નં.૧ અનિલભાઈ છગનભાઈ ભુતનો મરણનો દાખલો | ૨૫/૧ |

અત્રે એ હકીકત ઉલ્લેખનીય છે કે, હાલના કામે બંન્ને પક્ષકારોનો મુદ્દત તારીખે વારંવાર પોકાર પાડતા કોઈ હાજર ન રહેતા અત્રેની અદાલત દ્ધારા આંક–૧ લગત હુકમ કરી બંન્ને પક્ષકારોનો દાવાના પુરાવો રજુ કરવાના હક્ક બંધ કરેલ છે. તેમજ બંન્ને પક્ષકારોનો મુદ્દત તારીખે પોકાર પાડતા કોઈ હાજર ન રહેતા બંન્ને પક્ષકારોનો આંક–૧ નીચે હુકમ કરી દલીલનો હક્ક બંધ કરવામા આવેલ છે.

(૬) સદર દાવાના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબ મુદ્દાઓ ઘડવામાં આવેલા છે.

**//મુદ્દા//**

૧. શું વાદી પુરવાર કરે છે કે, વાદગ્રસ્ત મિલકત વડીલોપાર્જીત મિલકત છે ?

૨. શું વાદી પુરવાર કરે છે કે, તેઓ વાદગ્રસ્ત મિલકતમાંથી ત્રીજો હીસ્સો મેળવવા હક્કદાર બને છે ?

૩. શું વાદી તેઓના દાવાની હકીકતો પુરવાર કરે છે ?

૪. શું પ્રતિવાદી પોતાના જવાબની હકીકતો પુરવાર કરે છે ?

૫. શુ વાદી દાવા મુજબની દાદ મેળવવા હક્કદાર છે ?

૬. શુ હુકમ અને હુકમનામુ ?

(૭) ઉપરોક્ત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. નકારમાં

૩. નકારમાં

૪. નકારમાં

૫. નકારમાં

૬. આખરી હુકમ મુજબ

## // કા ર ણો //

**મુદ્દા નં.૧ ની ચર્ચાઃ-**

(૮) સદર કામે વાદીએ એવુ પુરવાર કરવાનું રહે છે કે, વાદગ્રસ્ત મિલકત વડીલોપાર્જીત મિલકત છે કે કેમ. સદર કામે વાદીએ તેમની દાવા અરજીમાં એવી હકીકત જણાવેલ છે કે, છગનભાઈ દલસાણીયાએ સવિતાબેન છગનભાઈ દલસાણીયા(પ્રતિ.નં.૨) ના ને તેમનો હીસ્સો રોકડ રકમમા આપેલ તે રકમમાંથી વાદીના પિતાશ્રી છગનભાઈ ડાયાભાઈ ભુતના નામે ખેતીની જમીન સર્વે નં.૪૧૪ પૈકી ૨ એકર ૫-૦૬ ગુંઠા રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં.૧૯, તા.૨૯.૦૧.૧૯૭૩ થી ખરીદ કરેલ અને ખેતીની જમીન સર્વે નં.૪૧૫ પૈકી ૪ એ. ૨-૧૬ ગુંઠા રજીસ્ટર દસ્તાવેજ નં.૧૩૬૨ થી તા.૧૩.૧૨.૧૯૭૬ થી ખરીદ કરેલ છે અને સદરહુ બંન્ને ખેતીની જમીન ખરીદ કરેલ તે રકમ તેઓએ છગનભાઈ દલસાણીયા તરફથી મળેલ રકમમાંથી ખરીદ કરેલ છે. આ રીતે સદરહુ ખેતીની જમીન વડીલોપાર્જીત ખેતીની જમીન છે અને છગનભાઈ ડાયાભાઈ ભુતના નામે ખાતા નં.૧૧૬ થી ખેતીની જમીન આવેલ. તેમજ વાદી તરફે માર્ક-૪/૧ થી વાદીના પિતાશ્રી તથા માતૃશ્રીના નામનો ખેતીની જમીન સર્વે નં.૪૧૪ પૈ.એ.૫-૦૬ તથા ખેતીની જમીન સર્વે નં.૪૧૫ પૈકી એ. ૨-૧૬ ગુઠાનો ગામનો નમુનો નં.૬ હક્કપત્રક, માર્ક-૪/૨ થી ખેતીની જમીન સર્વે

નં.૪૧૪ પૈકી ૨ પ્રતિવાદી નં.૨ ના નામનો ગામ નમુના નં.૭, માર્ક–૪/૩ થી ખેતીની જમીન સર્વે નં.૪૧૫ પૈકી ૪ પ્રતિવાદી નં.૨ ના નામનો ગામ નમુના નં.૭, માર્ક–૪/૪ થી ખેતીની જમીન સર્વે નં.૪૧૪ પૈકી ૨ પ્રતિવાદી નં.૨ ના નામનો ગામ નમુના નં.૧૨, માર્ક–૪/૫ થી ખેતીની જમીન સર્વે નં.૪૧૫ પૈકી ૪ પ્રતિવાદી નં.૨ ના નામનો ગામ નમુના નં.૧૨, માર્ક–૪/૬ થી ખેતીની જમીન સર્વે નં.૪૧૫ પૈકી ૪ તથા સર્વે નં.૪૧૪ પૈકી ૨ નો પ્રતિવાદી નં.૨ ના નામનો ગામ નમુના નં.૮, માર્ક–૪/૭ થી પ્રતિવાદી નં.૧ નાએ પ્રતિ.નં.૨ પાસેથી બીન અવેજી વેચાણ દસ્તાવેજ કરેલ તે નોંધનો ગામનો નમુના નં.૬ હક્કપત્રક રજુ કરેલ છે. પરંતુ સદર કામે વાદીએ મુદ્દત તારીખે હાજર રહી દસ્તાવેજી પુરાવાઓ પુરવાર કરેલ નથી. હાલના કામે પક્ષકારો રેકર્ડ ઉપર રજૂ થયેલ આંક–૪ ના દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં ફકત રેવન્યુ એન્ટ્રી મુજબ આ કામના પ્રતિવાદીઓ પક્ષકાર હોવાનું અત્રેની અદાલતને જણાય છે. પરંતુ, નામદાર વડી અદાલત તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના ઘણા ચુકાદામાં પક્ષકારોની રેવન્યુ એન્ટ્રીના દસ્તાવેજો બાબતે એવો સિદ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, રેવન્યુ એન્ટ્રી ફકત પુરાવામાં ફીસ્કલ પર્પઝ માટે વંચાણે લેવી અને તેવા રેવન્યુ એન્ટ્રી વાળા દસ્તાવેજી પુરાવા કોઇપણ જાતના હક્ક, હીત, અધિકાર વિગેરે માટે ધ્યાને લઇ શકાશે નહિં. વધુમાં, હાલના કામે વાદી તરફે કોઇ પેઢીનામું રજૂ કરવામાં આવેલ નથી અને વાદી તરફે એવો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી જેથી એવી હકીકત રેકર્ડ પર આવે કે, આ કામના વાદી એકમાત્ર તકરારી મિલકતમાં હીત ધરાવનાર પક્ષકાર છે. જેથી સદર મુદ્દાનો કોઇ ન્યાયિક નિર્ણય થઈ શકે અને આ કામના પક્ષકારો ગુજરનારના કાયદેસરના સીધી લીટીના વારસદારો છે કે કેમ? તે નક્કી થઇ શકે. જેથી હાલના તબક્કે પક્ષકારોના નામ વંચાણે લેતાં તેમા પિતાજીનું નામ અને પક્ષાકારોની અટક વંચાણે લેતા તેઓ સગા હોવાનું પ્રથમરીતે જણાય આવે છે. પરંતુ, પક્ષકારો તરફે સદર કામે કોઈ મહત્વના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ ન હોવાના કારણે શ્રી છગનભાઈ

હરીભાઈ દલસાણીયાના વારસો હોવાનું એ પણ કાયદેસરના સીધીલીટીના વારસો હોવાનું અને સદર કામે માત્ર ત્રણ જ પક્ષકાર હોવાનું રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા જણાય આવતુ નથી.

વાદીએ પોતાની પ્લીડીંગમાં જે તકરારી મિલકત અંગે વડીલોપાર્જીત હોવા અંગેની જે હકીકત રેકર્ડ પર લાવેલ છે તેના સમર્થનમાં જે દાવા અરજી રજુ કરેલ છે તે વંચાણે લેતા, હાલના કામની તકરારી મિલકત તે વાદીના કથન અનુસાર વડીલોપાર્જીત હોવાનું મુખ્ય રીતે હવે પછી દર્શાવેલ કારણોસર હિતાવહ જણાતુ નથી. આ કામના પ્રતિવાદીઓએ આંક-૨૨ થી પોતાનો જવાબ રજુ કરેલ છે અને તેના સમર્થનમાં પોતાના દસ્તાવેજી પુરાવા પણ રજુ કરેલા છે પરંતુ, પ્રતિવાદીઓએ પોતાની જવાબની હકીકતો પુરવાર કરવા માટે જે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે તે માટે જે મૌખિક પુરાવો રજુ કરવો જોઈએ તેવો કોઈ સાક્ષી સદર કામે પ્રતિવાદીઓ તરફે રજુ કરવામા આવેલ નથી. જેથી પ્રતિવાદીઓ પોતાની જવાબની તેમજ દસ્તાવેજી પુરાવાની હકીકતને મૌખિક પુરાવાથી પુરવાર કરી શકેલ ન હોવાનુ અત્રેની અદાલતને જણાય છે. વાદીએ પુરતા દસ્તાવેજી પુરાવા તેમજ પોતાના મૌખિક પુરાવામાં અમુક યોગ્ય કથનો કરેલા હોય તોજ સદરહું મુદ્દો પુરવાર થયેલ ગણાય અને તેના અવેજમાં સદર કામનો મુદ્દો પુરવાર થયેલ ગણાય નહિં. સદર કામે આ કામના વાદીએ તેમજ તેઓના વિ.વ.શ્રીએ તેઓ અને પ્રતિવાદીઓના સગા છે તેવો કોઇ મુખ્ય દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ નથી. તેટલું જ નહિં, પરંતુ વાદી તરફે અતિ મહત્વનો દસ્તાવેજ એવો પેઢીનામુ પણ રજૂ કરવામાં આવેલ નથી. જેના કારણે હાલના કામના પક્ષકારો જ સદર કામની વાદગ્રસ્ત મિલકતમાં હક્ક ધરાવનાર પક્ષકાર છે તેમજ અન્ય કોઇ નથી. તેવું રેકર્ડ પર લાવવામાં નિષ્ફળ રહેલ છે. આમ, જે પુરાવા રજૂ થયેલ છે તેના આધારે સદર કામની વાદગ્રસ્ત મિલકત વડિલોપાર્જીત છે કે કેમ તેનો નિર્ણય થઇ શકે તેમ નથી. સદર કામે વાદી તરફે તેમના બાપ દાદાઓ વખતથી સદર મિલકત તેઓએ

વારસામાં મેળવેલી છે કે કેમ તે અંગેનો કોઇપણ જાતનો દસ્તાવેજી પુરાવો જેમ કે, વેચાણ દસ્તાવેજ, સાટાખત, અન્ય કોઇ પારિવારીક સમજુતી કરાર વિગેરે રજૂ રાખેલ નથી. જેથી એવુ માની શકાય કે, સદર કામની તકરારી મિલકત તે પક્ષકારોની વડિલોપાર્જીત મિલકત નથી. ઉપરોકત સમગ્ર સંજોગો અને હકીકતો ધ્યાને લેતા, અત્રેની અદાલતને વાદગ્રસ્ત મિલકત વડીલોપાર્જીત મિલકત હોવાનું જણાય આવતુ નથી. જેથી મુદ્દા નં.૧ નો જવાબ અત્રેની અદાલત દ્વારા "**નકારમાં**" આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં.૨ ની ચર્ચાઃ-</u>**

(૯) સદર કામે વાદીએ એવુ પુરવાર કરવાનું રહે છે કે, તેઓ વાદગ્રસ્ત મિલકતમાંથી ત્રીજો હીસ્સો મેળવવા હક્કદાર બને છે કે કેમ. સદર કામે ઉપર ચર્ચા કરી તે મુજબ સદર કામની વાદગ્રસ્ત મિલકત તે પક્ષકારોની વડિલોપાર્જીત મિલકત ન હોવાનું રેકર્ડ પર આવેલ છે. જેના કારણે મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આવેલ છે. કાયદાકીય સિદ્ધાંતો મુજબ કોઇપણ મિલકતમાં જયારે લાગ-ભાગ-હક્ક-હિસ્સા વિગેરે કરવાનો હોય ત્યારે પક્ષકારો તરફે સમગ્ર મિલકત રેકર્ડ પર લાવી જાહેર કરવી પડે અને તે મિલકત વડિલોપાર્જીત છે કે સ્વપાર્જીત મિલકત છે તેવું પુરવાર કરવાનો બોજો જે હક્ક-હિસ્સો માંગવા આવેલ હોય તેના શીરે હોય છે. સદર કામે દાવાવાળી મિલકત વડીલોપાર્જીત મિલકત હોવાનું પુરવાર થયેલ નથી. વધુમાં, પ્રતિવાદીઓએ દાવાવાળી મિલકતમાં વાદીનો કાયદેસરનો હીસ્સો ન હોવાનો કોઈ ઠોસ પુરાવો કે દસ્તાવેજી પુરાવા પણ રજુ કરેલ નથી. આમ, પ્રતિવાદીઓ તરફે રીબટ્ટલ પુરાવો કે દલીલ રેકર્ડ પર આવેલ ન હોય તેમજ વાદીની દાવા અરજીની હકીકત માનવાને અત્રેની અદાલત સમક્ષ કોઈ કારણ ઉપસ્થિત થતુ નથી. આમ, જયારે વાદી તરફે ઉપરોકત મુદ્દો પુર્ણ રીતે પુરવાર કરી શકેલ ન હોય તેમજ સદર કામના વાદીએ પોતાની પ્લીડીંગ તેમજ જુબાનીના સમર્થનમાં તેઓ વાદગ્રસત મિલકતમાં ત્રીજો હીસ્સો મેળવવા હક્કદાર હોવાનો કોઇ પુરાવો સદર કામે રજૂ કરેલ નથી.

તેવા સંજોગોમાં અત્રેની અદાલત માની ન શકે કે આ કામના વાદીએ પાર્ટીશન કરાવવા માટે સમગ્ર મિલકત રેકર્ડ પર રજૂ કરેલ છે. જેથી સદર કામે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાઓ જે આંક–૧ ની અરજી સાથે સદર મુદ્દા બાબતે સુસંગત ન હોવાનું જણાય આવે છે તેમજ દસ્તાવેજી પુરાવા તેમજ આંક–૧ ના પ્લીડીંગથી સમર્થન મળતું નથી. જેથી ઉપરોકત હકીકત તેમજ સંજોગોને ધ્યાને લેતાં વાદી વાદગ્રસ્ત મિલકતમાંથી ત્રીજો હીસ્સો મેળવવા હક્કદાર હોવાનુ અત્રેની અદાલતને હાલના તબક્કે જણાતું નથી. જેથી મુદ્દા નં.૨ નો જવાબ અત્રેની અદાલત દ્વારા "**નકારમાં**" આપવામાં આવે છે.

ઉપરોકત મુદ્દાનો જવાબ જયારે નકારમા આવેલ હોય તેવા સંજોગોમાં કોને કેટલો હિસ્સો મળશે તે વાત અસ્થાને બની જાય છે. જેથી આ કામના વાદીએ જે તકરારી મિલકતમાં ત્રીજો ભાગ માંગેલ છે તે મેળવવા વાદી હક્કદાર બનતા નથી તેવું અત્રેની અદાલતને જણાય છે.

**<u>મુદ્દા નં. ૩ ની ચર્ચાઃ–</u>**

(૧૦) સદર કામે વાદીએ એવુ પુરવાર કરવાનું રહે છે કે, શું વાદી તેઓના દાવાની હકીકતો પુરવાર કરે છે કે કેમ.

સદર મુદ્દા તેમજ કામના ન્યાયીક નિર્ણય માટે અત્રેની અદાલત દ્વારા વડિલોપાર્જીત મિલકત અંગેના નીચે મુજબના ચુકાદાઓ વંચાણે લીધેલ છે.

(૧) બલરાજ તનેજા એન્ડ અનોધર વિરૂદ્ધ સુનિલ મદન એન્ડ અનોધર...

(૨) બૌરૈયા એલીયાસ શેખર વિ. સ્ટેટ તા.૨૦.૧૨.૨૦૦૨...

(૩) કરણ મદન એન્ડ અધર વિ. નાગેશ્વર પાંડે તા.૨૬.૦૩.૨૦૧૪...

(૪) ઈન્દર મોહનસીંગ એન્ડ અધર...

(૫) અરેવા ટી એન્ડ ડી ઇન્ડિયા લી. ...

(૬) દેવેન્દર લાલ મહેતા...

(૭) જગદીશ પ્રશાદ પટેલ...

ઉપરોકત તમામ ચુકાદાઓ વંચાણે લેતાં તે ચુકાદાઓમાં એવુ પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, જો કોઇ તકરારી મિલકત વડિલોપાર્જીત છે કે નહિં તેનો નિર્ણય કરવો હોય તો નીચે મુજબના દસ્તાવેજી પુરાવા મિલકત વડીલોપાર્જીત છે કે નહિં તે પુરવાર કરવા માટે જે તે કેસની હકીકતો અને સંજોગો અનુસાર રજૂ કરવાના અતિ મહત્વના બની જાય છે. જે અંગેની નોંધ અત્રેની અદાલત દ્વારા લેવામાં આવેલ છે.

(૧) મિલકત સંબંધિત દસ્તાવેજો જેમ કે ટાઇટલ ડીડ અને વેચાણ દસ્તાવેજ.

(૨) પુર્વજો સાથેનું પક્ષકારોનું રીલેશન વાળા દસ્તાવેજો.

(૩) પક્ષકારોનું જન્મ અને ઉંમર અંગેના દસ્તાવેજી પુરાવા.

(૪) જે કિસ્સાઓમાં મિલકતના માલિક ગુજરી ગયેલ હોય તેવા કિસ્સાઓમાં ગુજરનારનું મરણ પ્રમાણપત્ર.

(૫) મિલકતની વેરા પહોંચો.

(૬) મિલકતના કુલ મુખત્યાર.

ઉપરોકત મુદ્દાઓની ચર્ચામાં જયારે એવી હકીકત બહાર આવેલ છે કે, આ કામના વાદી કાયદેસર સીધી લીટીના તકરારી મિલકતના વારસદારો નથી તેમજ તકરારી મિલકત વડિલોપાર્જીત પણ નથી. તેવા સંજોગોમાં આ કામના વાદી પોતાની દાવા અરજીમાં માંગેલ દાદ મેળવવા હક્કદાર બનતા ન હોવાનું અત્રેની અદાલતને જણાય છે. સદર દાવાના કામે રજુ રેકર્ડ ઉપરના પુરાવા વંચાણે લઈએ તો, વાદી અદાલતમાં મુદ્દત તારીખે હાજર

રહેલ નથી અને પોતાનો કેસ પુરવાર કરવા માટે વારંવાર તક આપવા છતા વાદીએ તકનો લાભ લઈ પોતાનો કેસ પુરવાર કરેલ નથી કે પોતાના કેસને સમર્થન મળે તેવા કોઈ ઠોસ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. જેથી અત્રેની અદાલતે બંન્ને પક્ષકારોનો પુરાવાનો હક્ક આંક-૧ ની અરજી લગત હુકમ કરી બંધ કરેલ છે. તેમજ સદર કામ વાદીની દલીલ ઉપર હોય પરંતુ મુદ્દત તારીખે વાદીનો તેમજ તેમના વિ.વ.શ્રીનો પોકાર પાડતા કોઈ હાજર ન રહેતા વાદીનો દલીલનો હક્ક બંધ કરવામા આવેલ છે. સદર દાવાની હકીકત પુરવાર કરવા માટે સૌ પ્રથમ તો વાદીએ અદાલતમાં હાજર રહેવુ પડે પરંતુ સદર કામે વાદી અદાલતમાં હાજર રહેલ નથી અને પોતાનો કેસ પુરવાર કરેલ નથી. જેથી તેઓની દાવા હકીકતને કાયદાના સિધ્ધાંતો મુજબ પુરવાર કરી શકેલ ન હોવાનુ અત્રેની અદાલતને જણાય છે. આમ, સદર દાવાના મુદ્દાની હકીકતો ફકત રેકર્ડ પર ઉપસ્થિત હકીકતો હોય અને વાદીએ તે હકીકતોને પુરાવા અધિનિયમની જોગવાઈઓને ધ્યાને લઈને પુરવાર કરેલ ન હોય તેવા સંજોગોમાં અત્રેની અદાલતને એવુ જણાય છે કે, વાદી દાવાની હકીકતો પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. સદર કામે મુદ્દા નં.૧ થી ૩ નો જવાબ મુખ્ય રીતે નકારમાં હોય જેથી મુદ્દા નં.૩ નો જવાબ અત્રેની અદાલત દ્વારા "**નકારમાં**" આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં. ૪ ની ચર્ચાઃ-</u>**

(૧૧) સદર કામે પ્રતિવાદીઓએ એવુ પુરવાર કરવાનું રહે છે કે, શુ પ્રતિવાદી પોતાના જવાબની હકીકતો પુરવાર કરે છે કે કેમ.

સદર કામે રજુ રેકર્ડ ઉપરના પુરાવા તેમજ સમગ્ર હકીકત વંચાણે લઈએ તો, પ્રતિવાદીઓએ પણ વાદીની જેમ જ વર્તન/કંડકટ સદર કામે દાખવેલ છે. તેમજ પ્રતિવાદીઓના વારંવાર પોકાર કરાવવા છતા કોઈ હાજર રહેલ નથી અને પોતાના બચાવમાં કોઈપણ જાતના કોઈ ઠોસ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. જેના કારણે અત્રેની અદાલતે બંન્ને

પક્ષકારોને પુરાવાનો તેમજ દલીલનો હક્ક આંક–૧ ની અરજી લગત હુકમ કરી બંધ કરવાની ફરજ પડેલ છે. દાવા જવાબની હકીકતો પુરવાર કરવા માટે કોઈપણ જાતના મૌખિક પુરાવા કે સાક્ષી પુરાવા રજુ કરેલ નથી કે અન્ય દસ્તાવેજી પુરાવા રજુ કરી તેઓની દાવા જવાબની હકીકતોને કાયદાના સિધ્ધાંતો મુજબ પુરવાર કરી શકેલ ન હોવાનુ અત્રેની અદાલતને જણાય છે. વધુમાં, સદર કામે પ્રતિવાદીઓએ આંક–૧૦ થી દાવો યોગ્ય હકુમતવાળી કોર્ટમા દાખલ કરવા અંગે અરજી આપેલ હોય તે અરજી પર વાદીના વિ.વ.શ્રીએ જવાબ આપવાનુ હોય પ્રતિવાદીને નોટીસ બજી ગયાને ૯૩ દીવસ થયેલ હોય અરજી સામે વાંધો હોવાનો શેરો કરેલ છે. ત્યારબાદ અત્રેની અદાલતે તે લગત હુકમ કરી પ્રતિવાદીની દાવો યોગ્ય હકુમતવાળી કોર્ટમા દાખલ કરવાની અરજી ના–મંજુર કરેલ હોય. ત્યારબાદ પ્રતિવાદી હાજર રહેલ નથી. આમ, આ મુદ્દાની હકીકતો ફકત રેકર્ડ પર ઉપસ્થિત હકીકતો હોય અને પ્રતિવાદીએ તેના જવાબની હકીકતોને પુરાવા અધિનિયમની જોગવાઈઓને ધ્યાને લઈને પુરવાર કરેલ ન હોય તેવા સંજોગોમાં અત્રેની અદાલતને એવુ જણાય છે કે, પ્રતિવાદીઓએ પોતાના જવાબની હકીકતોને પુરવાર કરવાનો બોજો ઉપરોકત મુદ્દા અર્થે પુર્ણ કરેલ નથી. તેવા સંજોગોમાં અત્રેની અદાલતને એવુ જણાય છે કે, પ્રતિવાદી પોતાના જવાબની હકીકતો પુરવાર કરવામા નિષ્ફળ નિવડેલ છે. જેથી મુદ્દા નં.૪ નો જવાબ અત્રેની અદાલત દ્વારા "**નકારમા**" આપવામા આવે છે.

**મુદ્દા નં. ૫ ની ચર્ચાઃ–**

(૧૨) સદર કામે વાદીએ એવુ પુરવાર કરવાનું રહે છે કે, શુ વાદી દાવા મુજબની દાદ મેળવવા હક્કદાર છે કે કેમ.

સદર કામે વાદીએ દાવા મુજબની દાદ મેળવવા માટે અદાલતમા હાજર રહી દાવા મુજબની હકીકતો પુરવાર કરવી પડે પરંતુ સદર કામે વાદી મુદ્દત તારીખે હાજર રહેલ નથી અને વાદીને પોતાનો કેસ પુરવાર કરવા માટે

વારંવાર તક આપવા છતા વાદીએ તકનો લાભ લઈ પોતાનો કેસ પુરવાર કરેલ નથી કે પોતાના કેસને સમર્થન મળે તેવા કોઈ મૌખિક કે તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. જેથી અત્રેની અદાલતે વાદીનો મુદ્દત તારીખે વારંવાર પોકાર કરવા છતા હાજર ન રહેતા આંક-૧ નીચે હુકમ કરી પુરાવાનો હક્ક બંધ કરેલ છે. તેમજ સદર કામે વાદી તરફે આંક-૨૬ થી વારસો જોડવા અંગે પુરસીસ આપેલ છે જે અરજી લગત મારા પુરોગામી ન્યાયાધીશ સાહેબશ્રીએ તા.૦૧.૦૪.૨૦૨૩ ના રોજ મંજુર કરી દીન-૧૪ માં દાવા અરજીમા જરૂરી સુધારો કરી સુધારેલ દાવા અરજી રજુ કરવાનો હુકમ કરેલ છે પરંતુ સદર કામે અત્યાર સુધી કોઈ સુધારેલ દાવા અરજી રજુ કરેલ નથી. જેથી તા.૦૯.૦૧.૨૦૨૪ ના રોજ મુદ્દત તારીખે વાદી તેમજ તેમના વિ.વ.શ્રીનો પોકાર પાડતા કોઈ હાજર ન રહેતા અત્રેની અદાલત દ્વારા આંક-૧ નીચે હુકમ કરી સુધારેલ દાવા અરજી રજુ કરવાનો હક્ક બંધ કરવામા આવેલ છે. વધુમાં, સદર કામે વાદીના વિ.વ.શ્રીએ આંક-૩૧ થી વકીલ તરીકે છુટા થવા અંગે પુરસીસ આપેલ હોય જે સદર કામે સામેલ રાખેલ છે. આમ, વાદી દાવા હકીકતને પુરવાર કરવા માટે કોઈપણ જાતના મૌખિક પુરાવા કે સાક્ષી પુરાવા રજુ કરેલ નથી કે અન્ય દસ્તાવેજી પુરાવા રજુ કરી તેઓની દાવા હકીકતને કાયદાના સિદ્ધાંતો મુજબ પુરવાર કરી શકેલ ન હોવાનુ અત્રેની અદાલતને જણાય છે. આમ, સદર દાવાના મુદ્દાની હકીકતો ફકત રેકર્ડ પર ઉપસ્થિત હકીકતો હોય અને વાદીએ તે હકીકતોને પુરાવા અધિનિયમની જોગવાઈઓને ધ્યાને લઈને પુરવાર કરેલ ન હોય તેવા સંજોગોમાં અત્રેની અદાલતને એવુ જણાય છે કે, વાદીએ પોતાનો દાવો પુરવાર કરવાનો બોજો હાલના દાવાના મુદ્દા અર્થે પુર્ણ કરેલ નથી. તેજમ સદર દાવો છ વર્ષ જુનો હોય વાદીને પોતાના દાવાની હકીકતો પુરવાર કરવા તક આપવા છતા દાવાની હકીકતો પુરવાર કરેલ નથી. તેવા સંજોગોમાં આ કામના વાદી પોતાની દાવા અરજીમાં માંગેલ દાદ મેળવવા હક્કદાર બનતા ન હોવાનું અત્રેની અદાલતને જણાય છે. તેમજ મુદ્દા નં.૧ થી ૪ નો જવાબ અત્રેની અદાલત દ્વારા નકારમાં આપવામા આવેલ છે.

જેથી મુદ્ધા નં.૫ નો નિર્ણય અત્રેની અદાલત દ્ધારા "**નકારમાં**" આપી મુદ્ધા નં. ૬ પરત્વે નીચે મુજબ આખરનો હુકમ ન્યાયના હીતમાં ફરમાવવામાં આવે છે.

## **// હુ ક મ //**

(૧) વાદીનો દાવો આથી **ના–મંજુર** કરવામાં આવે છે.

(૨) સદર દાવાનો ખર્ચ પક્ષકારોએ પોતે પોતાનો ભોગવવો.

(૩) ઉપરોક્ત હુકમ મુજબ હુકમનામું દોરવું.

– હુકમ, આજ તારીખઃ–૩૦, માંહે–એપ્રિલ, સને–૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ–ધોરાજી.
તા.૩૦/૦૪/૨૦૨૪

(સુનિલ વામન વાઘ)
**પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,**
**ધોરાજી.**
(જજ કોડ– જીજે૦૧૨૫૮)